બીમારી, ગૃહકંકાસ સહિતના કારણોસર

# સુરતમાં બે જ દિવસમાં સાત જિંદગીનો અંત

**ડિંડોલી**-લિંબાયત-પાંડેસરા, કતારગામ, લિંબાયત અને વેસુમાં આપઘાત

સુરતઃ સુરત શહેરમાં છેલ્લા બે દિવસ દરમિયાન આપઘાતના સાત અલગ-અલગ બનાવો સામે આવતા ચકચાર મચી છે. ડિંડોલી, લિંબાયત અને પાંડેસરામાં યુવાનો તથા આધેડે અગમ્ય કારણોસર જીવન ટૂંકાવ્યું હતું, જ્યારે કતારગામ અને વેસુમાં લાંબા સમયથી ચાલી રહેલી બીમારી અને શારીરિક અશક્તિથી કંટાળેલા વૃદ્ધોએ અંતિમ પગલું ભર્યું હતું. લિંબાયતમાં ગૃહકંકાસ બાદ આધેડે આપઘાત કર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. તમામ બનાવોમાં પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### પત્ની-સંતાનો જમવા જતાં રહેતા આધેડનો આપઘાત

**કેસ 1** લિંબાયતના ઉધના યાર્ડ નજીક રતન ચોક પાસે કચરા ઘાંચીની ચાલમાં રહેતા ૫૧ વર્ષીય રાજેશભાઈ વસંતભાઈ નાગપુર સંચા ખાતામાં કામ કરતા હતા. રાજેશને નશાની કુટેવ હોવાનું તેમજ પરિવારના સભ્યો વચ્ચે અવારનવાર ઝઘડા થતાં હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. ગત તા. 3 સપ્ટેમ્બરની રાત્રે સાતમના પર્વ નિમિત્તે પત્ની અને સંતાનોને સાળીના ઘરે જમવા જવાનું હતું. રાજેશે ત્યાં જવાની ના પાડી હતી. તેમ છતાં પત્ની અને સંતાનો જમવા જતાં રહ્યા હતા. જેથી ગુસ્સે ભરાયેલા રાજેશે નશાની હાલતમાં ઘરે આપઘાત કરી લીધો હતો.

### બે વર્ષના લગ્નજીવન બાદ ડ્રાઇવરનો આપઘાત

**કેસ 2** ડીંડોલી ખાતે ગણપતિ ધામ સોસાયટી વિ-૧માં રહેતા ૨૭ વર્ષીય મુકેશ સંગ્રાવ ગોડસે ડ્રાઇવિંગનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેના બે વર્ષ પહેલાં લગ્ન થયા હતા. ગઈકાલે બપોરના સમયે મુકેશે પોતાના ઘરે આપઘાત કરી લીધો હતો. યુવાને કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે પરિવારજનોનાં નિવેદનો સહિતની તપાસ હાથ ધરી છે.

### પેરાલિસિસથી કંટાળેલી વૃદ્ધાનો અંતિમ નિર્ણય

**કેસ 3** મૂળ બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના દેવળીયા ગામના વતની અને કતારગામની ડીએમ પાર્ક સોસાયટીમાં રહેતા ૭૧ વર્ષીય કાશીબેન જગજીવનભાઈ પટેલ છેલ્લા બે મહિનાથી પેરાલિસિસ સહિતની બીમારીઓથી પીડાતા હોવાથી આપઘાત કરી લીધો હતો. તેમનો નાનો પુત્ર રાકેશ પટેલ તબીબ છે અને અડાજણ ખાતે ક્લિનિક ચલાવે છે.

### ૧૧ વર્ષથી શારીરિક અશક્ત નિવૃત્ત વૃદ્ધનું અંતિમ પગલું

**કેસ 4** વેસુ ગામની પરમાર સ્ટ્રીટમાં રહેતા ૭૧ વર્ષીય હર્ષદરાય જયકિશન પરમાર છેલ્લા ૧૧ વર્ષથી શારીરિક અશક્તિના કારણે યોગ્ય રીતે ચાલી શકતા ન હતા. ગઈકાલે રાત્રે તેમણે ઘરે આપઘાત કરી લીધો હતો.

### નશાની કુટેવ, ગંભીર બીમારીથી શ્રમિકનો આપઘાત

**કેસ 5** લિંબાયતના ગણેશનગર સોસાયટી વિભાગ-૨માં રહેતા મૂળ મહારાષ્ટ્રના જલગાંવના ૩૬ વર્ષીય રવિન્દ્ર શાંતારામ મોરેને નશાની કુટેવ હતી. પગમાં સોજા આવી જતા તેઓ યોગ્ય રીતે ચાલી પણ શકતા ન હતા. બીમારી અને શારીરિક તકલીફોથી કંટાળીને રવિન્દ્રએ ગઈકાલે સાંજે ઘરે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે.


### બે માસ પહેલાં આવેલા શ્રમિકનો આપઘાત

**કેસ 6** મૂળ ઉત્તર પ્રદેશના વતની અને રોજગારની શોધમાં માત્ર બે મહિના પહેલાં જ સુરત આવેલા ૨૧ વર્ષીય રંજનકુમાર સંજયભાઈ ચૌધરી પાંડેસરાના વિશાલનગરમાં રહેતો હતો અને કલર ટેક્સ કંપનીમાં મજૂરી કામ કરતો હતો. ગઈકાલે સાંજે તેણે પોતાના રૂમમાં આપઘાત કરી લીધો હતો.

### શાકભાજી વેચતા ૩૮ વર્ષીય યુવકનો આપઘાત

**કેસ 7** મૂળ બિહારના વતની અને હાલ લિંબાયતના કલ્પના નગરમાં રહેતા ૩૮ વર્ષીય પિન્ટુ ભગુનાથ શાહ છૂટક શાકભાજીનું વેચાણ કરી પત્ની અને બે સંતાનો સહિતના પરિવારનું ભરણપોષણ કરતા હતા. ગત તા. 3 સપ્ટેમ્બરની સાંજે પિન્ટુએ ઘરે આપઘાત કરી લીધો હતો.

### 2000 કિલો શાકભાજીથી શિવલિંગનો શણગાર



■ શ્રાવણ માસ નિમિત્તે ભગવાન શિવ પ્રત્યેની ભક્તોની ભક્તિના અનેક સ્વરૂપ બહાર આવે છે. જેમાં પાલમાં તાપી કિનારે આવેલા ઓમતાપ્તિ કુબેરેશ્વર મહાદેવ ખાતે 2000 કિલો શાકભાજીની સાથે લીલું ઘાસ અને સુકા ઘાસનો પણ ઉપયોગ કરીને 10 ફુટ ઊંચું શિવલિંગ બનાવવામાં આવ્યું હતું. શાકભાજીમાં દૂધી, ગાજર, રિંગણ, ટામેટા, બટાકા, કોબીજ, કાકડીનો ઉપયોગ કરાયો હતો. સતત 6 કલાકની જહેમત બાદ આ શિવલિંગ તૈયાર થયું હતું. જે આગામી તા.7મી સપ્ટેમ્બર સુધી ભક્તોના દર્શનાર્થે મુકવામાં આવશે. (તસવીરઃ હેમંત ડેરે)

## તો પછી મોત કેવી રીતે થયું? શીતલ રેસ્ટોરન્ટનું ફૂડ 'ઓકે' હોવાનો રિપોર્ટ

**વિશેરાની** તપાસમાં પણ ઝેર મળ્યું નથી, હવે સાચું કારણ જાણવા હિસ્ટોપેથોલોજી રિપોર્ટની રાહ

સુરતઃ એક બાળકીનો ભોગ લેનારી ઘટનામાં વરાછા વિસ્તારમાં શીતલ રેસ્ટોરન્ટનો ફૂડનો સેમ્પલ ઓકે આવ્યો છે. રેસ્ટોરન્ટના ખોરાકનો રિપોર્ટ સામાન્ય આવતા હવે બાળકીના મોતનું સાચું અને વાસ્તવિક કારણ પીએમ (પોસ્ટમોર્ટમ) રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થશે તે નક્કી થઈ ગયું છે.

બીજી તરફ બાળકીના વિશેરાની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી દ્વારા કરાયેલી તપાસમાં કોઈપણ પ્રકારનું ઝેરી દ્રવ્ય (પોઇઝન) મળી આવ્યું નથી. જેથી માત્ર ઝેરી ખોરાકના કારણે જ બાળકીનું મોત થયું હોવાનું હાલ સાબિત થતું નથી. હવે પોલીસ દ્વારા બાળકીના 'હિસ્ટોપેથોલોજી' રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. વધુ સ્પષ્ટતા માટે તપાસ એજન્સીઓ દ્વારા હોસ્પિટલમાંથી પરિવારના અન્ય બીમાર સભ્યોના સ્ટમક વોશ અને ઊલટીના સેમ્પલ મેળવીને તેનું એનાલિસિસ કરવાની દિશામાં પણ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

### પુણામાં મહાકાલ કેટરર્સનો માવાનો નમૂનો ફેઈલ થતાં કાયદેસરની કાર્યવાહી કરાશે

બીજી તરફ, આ ઘટના બાદ મનપાના આરોગ્ય અને ફૂડ વિભાગ દ્વારા શહેરમાં સતત દરોડા અને સેમ્પલિંગની કામગીરી ચાલુ રાખવામાં આવી છે. પુણા ગામ ખાતે સેલિબ્રેશન ફાર્મ નજીક આવેલા 'મહાકાલ કેટરર્સ એન્ડ ટ્રેડર્સ'માંથી ગત 26 ઓગસ્ટના રોજ લેવામાં આવેલા 'ગીર માધવ સ્વીટ માવા'નો નમૂનો ફૂડ એનાલિસ્ટની તપાસમાં સબ-સ્ટાન્ડર્ડ જાહેર થયો છે. આ માવાના સેમ્પલમાં બી.આર. રીડિંગનું પ્રમાણ નક્કી કરેલા ધારાધોરણ કરતાં વધુ મળી આવતા મનપા દ્વારા મહાકાલ કેટરર્સ વિરુદ્ધ ફૂડ સેફ્ટી એક્ટ મુજબ આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હાલ તો શીતલ રેસ્ટોરન્ટના સેમ્પલ પાસ થઈ જતાં તંત્ર અને વેપારીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

## આખરે 18 દિવસ બાદ સુરતને નવા કમિ. તરીકે રાજકુમાર બેનીવાલ મળ્યા



**રાજકુમાર** બેનીવાલ 2004ની બેચના IAS છે, અગાઉ જીએનએફસીમાં એમડી હતા

સુરતઃ સુરતમાં બહુચર્ચિત નાસિરનગર ડિમોલિશન વિવાદ બાદ નાગરાજનની તુરંત બદલી કરી દેવાઈ હતી. ૧૮ દિવસ બાદ હવે રાજ્ય સરકારે ૨૦૦૪ની બેચના આઈએએસ (IAS) અધિકારી રાજકુમાર બેનીવાલને સુરતના નવા મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. આ પહેલાં કમિશનર પદ પર રહેલા એમ. નાગરાજનની ૧૧ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તાત્કાલિક અસરથી બદલી કરી દેવામાં આવી હતી, જેથી તેઓ માત્ર ૭ મહિના જ આ પદ પર રહ્યા હતા.

નાસિરનગરમાં હાથ ધરાયેલી ડિમોલિશન કામગીરીમાં ગેરરીતિ અને નિયમોના ઉલ્લંઘન અંગે ગુજરાત હાઈકોર્ટે કડક વલણ અપનાવતા શિસ્તભંગની કાર્યવાહીના ભાગરૂપે આ નિર્ણય લેવાયો હતો.

### બેનીવાલનો શાસકીય અનુભવ અને ઈતિહાસ

સુરતના નવા મ્યુનિસિપલ કમિશનર બનતા પહેલાં રાજકુમાર બેનીવાલ 'ગુજરાત નર્મદા વેલી ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લીમીટેડ' (GNFC)ના મેનેજિંગ ડાયરેક્ટર (MD) તરીકે ફરજ બજાવી રહ્યા હતા. તેઓ ઉચ્ચ શૈક્ષણિક લાયકાત અને બહોળો વહીવટી અનુભવ ધરાવે છે. તેમણે દેશની પ્રતિષ્ઠિત સંસ્થા IIT (BHU) વારાણસીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં B.Tech અને પબ્લિક મેનેજમેન્ટમાં માસ્ટર્સ કર્યું છે. ગુજરાત કેડરમાં સનદી અધિકારી તરીકે સેવા આપતાં તેમણે ભૂતકાળમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી કમિશનર, ગુજરાત મરીટાઇમ બોર્ડ (GMB)ના VC & CEO તેમજ કમિશનર ઓફ મ્યુનિસિપાલિટીઝ એડમિનિસ્ટ્રેશન જેવા મહત્ત્વના પદો પર સફળ કામગીરી કરી છે.

## લોન બંધ કરાવવામાં ઈન્ટિરીયર ડિઝાઈનરે 3.65 લાખ ગુમાવ્યા

**લોન** ક્લોઝ કરવા ઓનલાઇન નંબર મેળવતા ઠગોનો ભેટો થયો હતો

સુરત : ઉધના હરિનગરમાં રહેતા અને પીપલોદ ખાતે ઈન્ટિરીયર ડિઝાઈનર તરીકે નોકરી કરતા અશોકકુમાર રામ લક્ષ્મણવાળા નામના યુવક સાથે રૂપિયા ૩,૬૫,૨૬૧ની સાયબર છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.

મળતી વિગતો મુજબ, ફરિયાદી અશોક વાળાએ આશરે ૧૫ મહિના અગાઉ 'આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ'માંથી રૂપિયા ૧ લાખની પર્સનલ લોન લીધી હતી. નાણાંની સગવડ થતાં તેમણે લોન પૂરેપૂરી ભરપાઈ કરી દેવાનું નક્કી કર્યું હતું. ગૂગલ પર સર્ચ કરતા મળેલી વિગતો અને કસ્ટમર કેરના નામે સંપર્ક થતાં આરોપી મિતલ રજનીશ ભાઈ તથા અભિષેક જૈન નામના શખ્સોએ પોતાની ઓળખ ફાઈનાન્સિયલ એડવાઈઝર તરીકે આપી હતી. લોનની બાકી રકમ અને પેનલ્ટી મેચ ન થવા, યુપીઆઈ અને આઈએમપીએસ ટ્રાન્ઝેક્શન મોડના બહાના તેમજ સિબિલ સ્કોર મેનેજમેન્ટ ફાઈલ ક્લોઝર રિપોર્ટના નામે આરોપીઓએ ફરિયાદી પાસે ફેડરલ બેંક, કરૂર વૈશ્ય બેંક અને પંજાબ નેશનલ બેંકના જુદા-જુદા ખાતાઓમાં કુલ રૂપિયા ૩,૬૫,૨૬૧ ટ્રાન્સફર કરાવી લીધા હતા. વારંવાર નાણાં માંગવામાં આવતા છેતરપિંડીનો અહેસાસ થતાં ફરિયાદીએ પ્રથમ NCCRP પોર્ટલ ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ઉધના પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## શિક્ષક દિને જ શિક્ષકોનો કાળી પટ્ટી સાથે વિરોધ

**રાજ્યવ્યાપી** આંદોલનના ભાગરૂપે શિક્ષકોએ ફરજ દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી 'બ્લેક બેજ દિવસ' મનાવ્યો

સુરત : TET પરીક્ષામાંથી મુક્તિ આપવા તેમજ વર્ષ ૨૦૦૫ પછી નિમણૂક પામેલા કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના (OPS) પુનઃસ્થાપિત કરવાની માંગને લઈને સુરત જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના આદેશ અનુસાર આજે શિક્ષકોએ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવી 'બ્લેક બેજ દિવસ'મનાવ્યો હતો. શિક્ષકોએ જણાવ્યું હતું કે, લાંબા સમયથી TETમાંથી મુક્તિ અને જૂની પેન્શન યોજના સહિતના પ્રશ્નો અંગે રજૂઆતો કરવામાં આવી રહી છે. આ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ આવે તે માટે સંગઠન દ્વારા તબક્કાવાર આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવી રહ્યા છે. શિક્ષકોની મુખ્ય માંગમાં TET પરીક્ષામાંથી મુક્તિ અને વર્ષ ૨૦૦૫ બાદ નિમણૂક પામેલા તમામ કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજના પુનઃલાગુ કરવાનો સમાવેશ થાય છે. શિક્ષકોના જણાવ્યા મુજબ, આ બંને મુદ્દે સરકાર દ્વારા હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી અપેક્ષા છે. કાળી પટ્ટી ધારણ કરીને શિક્ષકોએ શાળાઓમાં પોતાની ફરજ પણ નિભાવી હતી અને સાથે સાથે સંગઠનના આંદોલનને સમર્થન આપ્યું હતું. શિક્ષકોએ શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો. શિક્ષક સંઘ દ્વારા આગામી દિવસોમાં પણ રાજ્ય અને જિલ્લા સંઘના માર્ગદર્શન મુજબ આંદોલનાત્મક કાર્યક્રમોમાં શિક્ષકોને સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

## કિર્તીદાનને છેતરનાર દંપતીનો અડાજણના ઓમ જ્વેલર્સને પણ 2.63 કરોડનો ચૂનો

**અડાજણના** ગ્રીન એન્ક્લેવ બંગલોઝમાં રહેતા અનિલ વિભાગી, પત્ની વિમ્મીએ 2016માં ઓમ જ્વેલર્સમાંથી 2.63 કરોડના દાગીના ખરીદ્યા હતા

**બાદમાં** ચેક આપ્યા અને દિવાળી પછી નાખજો તેમ કહ્યું, દિવાળી પછી નાખ્યો તો ચેક બાઉન્સ થયા

સુરતઃ શહેરના જાણીતા જ્વેલર્સ અને તેમના સેલ્સ મેનેજરનો વિશ્વાસ કેળવી, દિવાળીના તહેવારોમાં રૂ. ૨.૬૩ કરોડથી વધુની કિંમતના સોનાના દાગીના ખરીદી નાણાં ન ચૂકવી છેતરપિંડી આચરવાનો સનસનાટીભર્યો કિસ્સો સામે આવ્યો છે. અડાજણ એલ.પી. સવાણી રોડ પર 'AOM | CO. (JEWELLERS)' નામે સોના-ચાંદીનો શો-રૂમ ધરાવતા રાજેશભાઈ રજનીકાંતભાઈ પરીખની દુકાને વર્ષ ૨૦૧૬માં અડાજણના ગ્રીન એન્ક્લેવ બંગલોમાં રહેતા અનિલ ભીખાભાઈ વિભાણી, તેની પત્ની વિમ્મીબેન અને પુત્રી નિયમિત ગ્રાહક તરીકે આવતા-જતા હતા. આરોપીઓએ શરૂઆતમાં રોકડેથી નાની ખરીદી કરી શો-રૂમના માલિક અને સેલ્સ મેનેજર કિર્તીબેન કલ્પેશભાઈ બોટારેનો વિશ્વાસ જીતી લીધો હતો. ઓક્ટોબર ૨૦૧૬માં દિવાળીના તહેવાર પ્રસંગે આરોપી અનિલ વિભાણી અને તેની પત્નીએ દીકરીઓના લગ્ન અને તહેવારનું બહાનું બતાવી રૂ. ૨,૬૩,૦૫,૫૬૨ના કિંમતી સોનાના દાગીના પસંદ કર્યા હતા. ૩૦ ઓક્ટોબર ૨૦૧૬ના રોજ જ્વેલર્સ અને સ્ટાફ તેમના ઘરે દાગીનાની ડિલિવરી આપવા ગયા ત્યારે આરોપીઓએ રૂ. ૫૦ લાખના છ ચેક આપ્યા હતા અને 'દિવાળી પછી બેંકમાં નાખજો, પાસ થઈ જશે' તેમ જણાવ્યું હતું.

ત્યારબાદ દેશમાં નોટબંધી આવતાં આરોપીઓએ 'બેંકમાં બેલેન્સ નથી' તેમ કહી ચેક ડિપોઝિટ ન કરવા વિનંતી કરી હતી. બાદમાં જ્વેલર્સે બેંકમાં ચેક જમા કરાવતાં તમામ ચેકો બાઉન્સ થયા હતા. જ્વેલર્સ જ્યારે તપાસ કરવા ગયા ત્યારે અનિલ વિભાણી પરિવાર સાથે રાતોરાત બંગલો ખાલી કરીને અમદાવાદ ભાગી ગયો હોવાનું બહાર આવ્યું હતું. તાજેતરમાં જૂન ૨૦૨૬માં આરોપી અનિલ વિભાણીએ કિર્તીદાન ગઢવી સાથે પણ રૂ. ૪.૭૫ કરોડની છેતરપિંડી આચરી હોવાની ખબર પડતા રાકેશ પરીખે પોલીસ ફરિયાદ કરી હતી.

સુરતના રાંદેર ઝોનમાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી

## જહાંગીરપુરા-વરિયાવ રોડ પર ખુલ્લું ગટરનું ઢાંકણું જીવનું જોખમ બન્યું

**ભૂતકાળમાં** બાળકના મોતની કરુણ હોનારત છતાં રાંદેર ઝોન તંત્ર નિંદ્રામાં



સુરત : રાંદેર ઝોન વિસ્તારમાં આવેલા જહાંગીરપુરાથી વરિયાવ તરફ જતા ધમધમતા મુખ્ય માર્ગ નજીકના સર્વિસ રોડ પર બરાબર રસ્તાની વચોવચ ખુલ્લી હાલતમાં પડેલું ગટરનું ઢાંકણું વાહનચાલકો અને રાહદારીઓ માટે સીધેસીધું અકસ્માતનું કારણ બની રહ્યું છે. હજારો નાગરિકોની અવરજવર ધરાવતા આ માર્ગ પર રસ્તાની વચ્ચે જ મોં ફાડીને પડેલી ગટર અંધારામાં કે વરસાદી પાણી ભરાવાના સમયે 'મોતના કૂવા' સમાન સાબિત થઈ રહી છે. સ્માર્ટ સિટી અને કરોડરજ્જુ સમાન બજેટના મસમોટા દાવાઓ ઠોકતું મનપાનું રાંદેર ઝોન તંત્ર આ જોખમી ખાડા પ્રત્યે આંખ આડા કાન કરીને બેસી ગયું છે. ન તો આ જગ્યાએ કોઈ સુરક્ષા બોર્ડ મુકવાની તસ્દી લેવાઈ છે ન તો મજબૂત ઢાંકણું ઢાંકવાની ગંભીરતા દાખવવામાં આવી છે, જે દર્શાવે છે કે બેફિકર બનીને બેઠેલા અધિકારીઓ કદાચ કોઈ નિર્દોષનો જીવ જાય તેની રાહ જોઈ રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ જ વિસ્તારમાં આશરે બે વર્ષ અગાઉ ખુલ્લી ગટરમાં ખાબકી જવાથી એક નિર્દોષ બાળકે પોતાનો જીવ ગુમાવ્યો હતો. આવી હૃદયદ્રાવક અને ગંભીર હોનારત ઘટી હોવા છતાં રાંદેર ઝોનનું વહીવટી તંત્ર ગાઢ નિંદ્રામાંથી જાગવા તૈયાર નથી. જો રાંદેર ઝોનના જવાબદાર અધિકારીઓ દ્વારા તાત્કાલિક ધોરણે આ ખુલ્લી ગટર પર મજબૂત ઢાંકણું બેસાડીને રસ્તો સુરક્ષિત કરવામાં નહીં આવે, તો ગમે તે ઘડીએ બીજો કોઈ નિર્દોષ નાગરિક આ તંત્રની બેદરકારીનો ભોગ બનશે તે નક્કી છે.

**મોંઘવારીનો ડામ** ગણેશોત્સવ પહેલાં સુરતની સૌથી મોટી ફૂલ માર્કેટમાં ભાવમાં ભડકો, આવક ઘટતાં 10થી 15 ટકાનો વધારો

## તહેવારોમાં ફૂલોની સુગંધ મોંઘી થઈ ગઈ



સુરતઃ ગણેશોત્સવના આગમન સાથે સુરત શહેરમાં ફૂલોની માંગમાં અચાનક વધારો થયો છે. બીજી તરફ આ વર્ષે ફૂલોની આવકમાં ઘટાડો થતાં તેની સીધી અસર ભાવ પર જોવા મળી રહી છે. ગયા વર્ષની સરખામણીમાં હાલમાં ફૂલોના ભાવમાં અંદાજે 10થી 15 ટકાનો વધારો નોંધાયો છે.

સુરતના અશ્વનીકુમાર રોડ ખાતે આવેલી મુખ્ય ફૂલ માર્કેટમાં વહેલી સવારથી જ જથ્થાબંધ વેપારીઓ અને છૂટક ખરીદદારોની અવરજવર જોવા મળી રહી છે. ફૂલ માર્કેટના હોલસેલ વેપારી મેહુલભાઈ ટોપીવાલાના જણાવ્યા મુજબ, સુરતના હોલસેલ બજારમાં મોટાભાગના ફૂલોનો જથ્થો મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશના રતલામ સહિતના વિસ્તારોમાંથી આવે છે. આ વર્ષે આ વિસ્તારોમાં વરસાદની સ્થિતિ ગયા વર્ષની સરખામણીએ નબળી રહેતા ફૂલોના ઉત્પાદન અને આવક પર અસર પડી છે. આવક ઘટી હોવા છતાં તહેવારોને કારણે માંગ યથાવત્ અથવા વધેલી રહેતા ભાવમાં વધારો થયો છે. હાલમાં ગલગોટા, દેશી ગુલાબ, મોગરો અને સેવંતી સહિતના ફૂલોની ખરીદી વધી છે. ખાસ કરીને ગણેશોત્સવ દરમિયાન ગલગોટા અને સેવંતીની માંગ વધુ રહે છે, જ્યારે ધાર્મિક પ્રસંગો ઉપરાંત લગ્નસરાની સિઝન શરૂ થતાં ગુલાબ અને મોગરાની માંગમાં પણ વધારો થવાની વેપારીઓને આશા છે. વેપારીઓનું માનવું છે કે તહેવારો નજીક આવતાં જો આવકમાં ખાસ વધારો નહીં થાય તો ફૂલોના ભાવમાં હજુ વધારો થઈ શકે છે. બીજી તરફ, ભારે વરસાદ કે હવામાનમાં અચાનક ફેરફાર થાય તો આવક અને ગુણવત્તા બંને પર અસર થવાની શક્યતા છે. આમ, એક તરફ તહેવારોની તૈયારીઓમાં ફૂલોની માંગ વધી રહી છે અને આવક ઘટી રહી છે. પરિણામે આ વર્ષે તહેવારોમાં ફૂલોની સુગંધ સાથે તેની કિંમતનો ભાર પણ ગ્રાહકોના ખિસ્સા પર વધ્યો છે.

### સુરતમાં ફૂલોના હાલના અંદાજિત ભાવ

**(ફૂલ-હોલસેલ ભાવ અને રિટેલ ભાવ)**

◆ **ગલગોટા**
રૂ.150-180 પ્રતિ કિલો
રૂ.250-380 પ્રતિ કિલો

◆ **દેશી ગુલાબ**
રૂ.250-290 પ્રતિ કિલો
રૂ.350-400 પ્રતિ કિલો

◆ **મોગરો**
રૂ.200-250 પ્રતિ કિલો
રૂ.400-500 પ્રતિ કિલો

◆ **સેવંતી**
રૂ.120-160 પ્રતિ કિલો
આશરે રૂ.220-280 પ્રતિ કિલો

### મોગરાનો ભાવ હોલસેલ કરતાં રિટેલમાં લગભગ બમણો

મોગરો હાલમાં હોલસેલ બજારમાં 200થી 250 પ્રતિ કિલો સુધી વેચાઈ રહ્યો છે, જ્યારે છૂટક બજારમાં તેનો ભાવ 400થી 500 પ્રતિ કિલો સુધી પહોંચ્યો છે. ગણેશોત્સવ દરમિયાન ધાર્મિક ઉપયોગ ઉપરાંત મોગરાની વેણી અને ગજરાની માંગ વધતી હોવાથી છૂટક બજારમાં તેની કિંમત વધુ રહે છે.

## ઉદ્યોગોમાં સુરક્ષાના સવાલ વચ્ચે કરંટની ત્રણ ઘટનામાં ત્રણનાં મોત

**સચિન,** લિંબાયત અને પાંડેસરામાં અલગ અલગ ઘટના બની

સુરત : સુરતના ઔદ્યોગિક વિસ્તારોમાં કામદારોની સલામતી સામે ફરી સવાલો ઉભા થયા છે. સુરતના સચિન, લિંબાયત અને પાંડેસરા જેવા ઔદ્યોગિક વિસ્તારોમાં એક જ દિવસ દરમિયાન વીજ કરંટના ત્રણ અલગ બનાવોમાં ત્રણ યુવાનનાં મોત થતાં ઔદ્યોગિક એકમોમાં વીજ સુરક્ષા વ્યવસ્થા અને કામદારો માટેના સલામતીના પગલાં અંગે ફરી ચર્ચા શરૂ થઈ છે. પોલીસ દ્વારા ત્રણેય બનાવની તપાસ હાથ ધરવામાં આવી છે.

### મશીન સાથે હાથ અડ્યો અને કરંટ લાગ્યો

**કેસ 1** મૂળ ઝારખંડના ઘોડા ગામનો વતની અને હાલ સચિન જીઆઈડીસીમાં બરફ ફેક્ટરી પાસે ઈશ્વરનગરમાં રહેતો 33 વર્ષીય ધીરજ કુમાર માથુન પાસવાન શુક્રવારે સાંજે સચિન જીઆઈડીસી વિસ્તારમાં આવેલી કલર્સ ડિજિટલ પ્રોસ્ટ પ્રોસેસ કંપનીના સિલાઈ ખાતામાં કામ કરી રહ્યો હતો. દરમિયાન મશીન સાથે તેનો જમણો હાથ અડી જતાં અચાનક વીજ કરંટ લાગ્યો હતો અને તે સ્થળ પર જ ઢળી પડ્યો હતો.

### ડાઈંગ ખાતામાં યુવાનને કરંટ લાગ્યો

**કેસ 2** બીજા બનાવમાં મૂળ બિહારનો વતની અને હાલ લિંબાયતના ગોવિંદનગર વિસ્તારમાં આવેલા જે.એ. ડાઈંગ ખાતામાં રહેતો અને ત્યાં જ કામ કરતો 22 વર્ષીય કિશન મિટ્ઠન રામ શુક્રવારે મોડી રાત્રે કામ કરી રહ્યો હતો. દરમિયાન તેને અચાનક વીજ કરંટ લાગતાં તે બેભાન થઈ ગયો હતો અને મોતને ભેટ્યો હતો.

### સિલાઈ ખાતામાં 21 વર્ષીય યુવાનનું મોત

**કેસ 3** ત્રીજા બનાવમાં ભેસ્તાન વિસ્તારમાં આવાસમાં રહેતો 21 વર્ષીય વાલ્મિકી વિજય શર્મા શુક્રવારે મોડી રાત્રે પાંડેસરા વિસ્તારમાં આવેલા સિલાઈ ખાતામાં કામ કરી રહ્યો હતો. દરમિયાન તેને ઇલેક્ટ્રિક કરંટ લાગતાં તે અચાનક ઢળી પડ્યો હતો.